Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૪૨ • તા.૧૨થી ૧૮ ઑક્ટોબર ૧૩ • વાર્ષિક લવાજમ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14



## પર્યાવરણ ઉપેક્ષાનો આ દંડ ?



ત્રણ માસ
પાણી વગર
ટટળાવ્યા....



અચાનક વર્ષાવ્યું
અધધ...
પાણી



કુદરત તે આ
કેવી દાખવી
કરમ કહાણી...



# હૃદયાંજલિ

સહૃદયી મિત્ર તમે,
સાથે જોતા જ્ઞાતિહિતના સપના...

જ્ઞાતિ સેતુ બની કીર્તિસ્થંભરચ્યો,
આપ સૌને માનો અપના...

અણધારી ચિરવિદાય લીધી,
બાકી રહીગઈ ઘણી તમન્ના...

અરિહંત શરણે સાથી શાંતિ પામો.
રહે શાશ્વત પુણ્યાત્મા તમારી નામના...

- ચીમન મોતા


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

નવરાત્રી એટલે સ્ત્રી સશક્તિકરણ પર્વ
આપણે ત્યાં નવરાત્રીને શક્તિ પર્વ તરીકે મનાવવામાં આવે છે. આજના જમાનાને અનુરૂપ તેની સ્ત્રી સશક્તિકરણ પર્વ તરીકે મનાવવું વધુ યોગ્ય ગણાશે.
- તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

# જ્ઞાતિની સંસ્થાઓના વહિવટ પર પ્રશ્નાર્થ !

શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા તાજેતરમાં જ્ઞાતિના સભ્યો માટે મસ્જીદ બંદરમાં રીડેવલપમેંટ પ્રોપર્ટીમાં આકર્ષક દર અને સ્કીમ્સ હેઠળ પ્રોપર્ટી ખરીદવાની ઉજળી તક એ મતલબની જાહેરાત કરાઈ છે.

તેવીજ રીતે શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની પ્રકાશિત નોટીસ જેમાં મહાજનશ્રીની એક સામાન્ય સભા ૨જી ઑક્ટોબરના યોજવાની જાહેરાત હતી. જેની કાર્યસુચીમાં હોપ ૧૦૦૦નાં આવેલપત્ર મુજબ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટ અને હોપ ૧૦૦૦ સંસ્થાના પ્લોટની ૩૦ઽ જગ્યાની માળખાકીય અનુક્રમણિકા (F.S.I) પર જ્ઞાતિ ઉત્કર્ષ માટે સંયુક્ત વિકાસની મંજૂરી અને ઉપરોક્ત યોજના પૂરી થાય ત્યાં સુધી કાયમી સમિતિની નિમણુક કરવાં તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટને હોપ ૧૦૦૦ ના પ્લોટનો વિકાસ કરવા માટે પ્રાથમિક ખર્ચની રકમ માટે મંજૂરી આપવા બાબત જણાવાયું હતું.

આ પછી મહાજનશ્રીની ઉક્ત બીજી ઑક્ટોબરની સમાન્ય સભાએ શ્રી અનંતનાથજી ટ્રસ્ટને હોપ ૧૦૦૦ (ડોંબિવલી) ના ઉક્ત પ્રોજેક્ટમાં જોડાવવા અને તે માટે રૂપીયા ૧૪ કરોડનો ખર્ચ કરવા અંગે મજુરી આપી છે, તેવી માહિતિ પણ મળી છે.

અલબત, વર્તમાન ટ્રસ્ટીઓ એ એપ્રિલ ૨૦૧૩ માં ભાંડુપમાં બોલાવેલ સભામાં પોતાની નીતિવિષયક જે જાહેરાત કરી હતી તે મુજબ રહેઠાણ યોજના હાથ ધરવાનું લગભગ અશક્ય અને અકારણ મુસિબતો વહોરી લેવા જેવું છે, માટે અમે અનંત છાયાના વેચાણથી આવેલી રક્કમને મુડી તરીકે મુકી તેના વ્યાજમાંથી શિક્ષણને પ્રોત્સાહન આપવા ઈચ્છીએ છીએ. જેથી જ્ઞાતિની યુવાપેઢી સારી પાત્રતા મેળવી એવી કારકીર્દી બનાવે કે તેમને માટે મનપસંદ ઘર લેવાનું શક્ય બને.

ભાંડુપની ઉક્ત સભામાં એવો ખુલાસો પણ કરવામાં આવ્યો કે વર્તમાન ટ્રસ્ટી અને મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાએ સારા ઈરાદાથી જરૂરતમંદોને ૫૦૦ ઘર આપવાની જાહેરાત કરી હતી. ઘણી ઘણી ઈચ્છા અને ક્ષમતા હોવા છતાં તેઓ આ વચન પૂરું કરી શક્યા નથી કેમકે એ બાબત પરિસ્થિતી ખૂબ પ્રતિકૂળ બની છે.

આમ આ બન્ને જહેરાતો સુખદ એટલે છે કે રહેઠાણ સમસ્યા ઉકેલવા માટે દાયકાઓથી સક્રિય એવી જ્ઞાતિ સંસ્થા શ્રી અનંતનાથ ટ્રસ્ટે એપ્રિલમાં કરેલી નિરાશાજનક વાતોથી વિપરિત પોતે જ્ઞાતિની રહેઠાણ સમસ્યા ઉકેલવા સક્રિય રહેવા માંગે છે એવા સંકેત આપ્યા છે.

જો કે, આ સંકેતને કેટલા આશાસ્પદ ગણવા તેતો કે.ડીઓ. વર્લ્ડના આગામી અંકમાં ઉક્ત સભાનો વિગતવાર અહેવાલ છપાય તે પછીજ કહી શકાય.

દરમ્યાનમાં, મસ્જીદ બંદરની મીલકતો પુર્નવિકાસ નવા મકાનોમાં રહેઠાણ મેળવા ગુરુવાર તા. ૧૦ ઑક્ટોબર સુધી દશેક જ્ઞાતિજનોએ રસ દર્શાવ્યો હોવાની માહિતી છે. અલબત, ઉકત ઉજળી તક માટે મસ્જીદ બંદરના કયા મકાનોનો પુર્નવિકાસાથશે અને ક્યારે તે હાથ ધરાશે તેવી ઉક્ત રસ ધરાવતા જ્ઞાતિજનોઓ ટ્રસ્ટ આફિસમાં પુછા કરી તો તેમને જણાવવામાં આવ્યું હતું કે એની વિગત હાલ ઉપલબ્ધ નથી. ફક્ત રસ ધરાવતા જ્ઞાતિજનોના નામ અને એક કે બેડરુમ ના ફ્લૅટની જરૂરીયાત નોંધવા માટે જ સુચના અપાઈ છે.

જ્યારે બીજીબાજુ હોપ ૧૦૦૦ અંગે સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સભાને એવી માહિતી આપવામાં આવી હતી કે હોપ ૧૦૦૦નું સ્વપ્ન સાકાર બને તે

**કવરપેજ પર લીધેલ સુથરી ના મુસળાધાર વરસાદની તસ્વીરોનું સૌજન્ય : યશોધન કારાણી**


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હિરાચંદ મોમાયા
શૈલેશ અનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અં નં. 42/2013**

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રિમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવાતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

માટે ઘણી પૂર્વ તૈયારી થઈ ચૂકી છે. ત્યારબાદ કેવી રીતે આગળ વધવું, પ્લોટ ધારકોના હિત કેવી રીતે સાચવવા અને કેવી રીતે જ્ઞાતિને ફાયદો પહોંચાડવો તે અંગે સંચાલકોમાં અલગ અલગ ધારણાઓ હતી તેથી એ પુર્વતૈયારીઓનો લાભ લઈ શકાયો નહીં

હવે જો અનંતનાથજી ટ્રસ્ટ જેવી જ્ઞાતિ સંસ્થા આ સ્વપ્ન સાકાર કરવામાં જોડાયતો જે નાની નડતરો બાકી રહી છે, તે દૂર કરી શકાય તેમ છે. અને પ્રથમ જરૂરતમંદ જ્ઞાતિજનોને અને થોડી વધુ અનુકુળતા થતા ફ્લોટ ધારકોને આ પ્રોજેક્ટનો લાભ આપીશકાય તેમ છે.

મુંબઈ મહાજનની ઉક્ત તા. ૨-૧૦-૧૩જી સભામાં આ બાબત હોપ ૧૦૦૦ની યોજના આગળ ધપાવવા માટે એક કાયમી સમિતીની પણ નિમણુંક કરવામાં આવી હતી, જે એક રીતે યોગ્ય છે. એટલે નજીકના ભવિષ્યમાં જ્ઞાતિ સમક્ષ તેની વિગતવાર માહિતી ક્રમશઃ મૂકાતી જશે અને જ્ઞાતિજનોને પણ તેમાં કઈ રીતે સહકાર આપવો તેની સમજણ મળતી રહેશે એવી અપેક્ષા રાખી શકાય.

જ્યાં સુધી મસ્જીદ બંદરની પ્રોપર્ટીઓના પુનવિકાસની વાત છે ત્યાં સુધી તેવા પુનર્વિકાસ હાથ ધરવા અંગે ટ્રસ્ટીઓ વિના વિલંબે જ્ઞાતિસમક્ષ તેની યોજનાની રૂપરેખા આપશે તો તે પણ યોગ્ય થશે કારણ કે ટ્રસ્ટીઓ હજી પણ પોતાની કાર્ય શૈલી પારદર્શક બનાવી શક્યા નથી તે હકીકત છે અને તેથી જ તેમણે આ બાબતે વધુ વિલંબ ન કરવો જોઈએ.

જોકે, હાલમાં જે ભાવે ડોંબિવલી - કલ્યાણ - અંબરનાથ - બદલાપુર - ટિટવાળામાં જગ્યાઓ મળી રહી છે, તે ભાવ સાથે સ્પર્ધા કરે તેવા ભાવોએ જ્ઞાતિજનોને મસ્જીદ બંદરમાં જગ્યાઓ ઑફર કરી શકાય તો સારી માંગ રહે એવી ઘારણા રાખી શકાય. બીજા શબ્દોમાં કહીએતો લગભગ રૂા. ૬૦૦૦ કાર્પેટના ભાવે મસ્જીદ બંદરમાં જગ્યા આપીશકાય તોતે ટ્રસ્ટીઓ જેને આકર્ષક કહે છે તેવી ઑફર ગણાશે તેમજ જ્ઞાતિજનો માટે ઉજળી તક લેખાશે અને તે માટે મુંબઈમાં વસતા જ્ઞાતિજનો ઉપરાંત દેશાવરના જ્ઞાતિજનોની સારી ડીમાન્ડ રહેશે એમ માની શકાય.

રજાનો દિવસ હોવા છતાં આ સભામાં ૭૦-૭૫ જ્ઞાતિજનોની હાજરી હતી એવા સૂત્રોના અહેવાલ છે. છેલ્લી કેટલીક મિટીંગો કરતા આ હાજરી સારી ગણાય પણ આટલા મોટા નિર્ણય લેવા આટલી હાજરી ખૂબજ ઓછી ગણાય.

એ દષ્ટિએ જોતા થોડા સમયમાં પુરતી નોટીસ આપી તથા આગોતરી વિગતો આપી ફરી મહાજનની મીટીંગ બોલાવ્યાં પછી ફાયનલ નિર્ણયો લેવાય તો તે જ્ઞાતીના લાંબાગાળાના હિતોઅને પ્રણાલિકાઓની દષ્ટિએ યોગ્ય ગણાશે.

**- ચંદ્રસેન મોમાયા**

# શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ

**આયોજીત**

## યુવા ઉમંગ - ૨૦૧૩

સર્વ જ્ઞાતીજનોને સહર્ષ જણાવવાનું કે તા. ૨૫-૧૨-૨૦૧૩ થી ૨૯-૧૨-૨૦૧૩ સુધી કચ્છ એકમ આયોજીત યુવા ઉમંગ - ૨૦૧૩નું આયોજન સીટી સ્કેવર (ભૂજ) ગામ-લાખોંદ મધ્યે કરવામાં આવેલ છે. જેમાં ૧૫ થી ૨૮ વર્ષ સુધીના અપરણીત યુવક-યુવતીઓને ભાગ લેવા હાર્દિક નિમંત્રણ છે. જેના ફોર્મ મેળવવા માટે પોત પોતાના વિસ્તારના એકમના કાર્યાલય અને મુંબઇ મહાજનશ્રીના કાર્યાલયનો સંપર્ક સાધવા નમ્ર વિનંતી

**લી. શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ**

**પદમશી લખમશી લાલકા - મંત્રી** | **રમેશ નારણજી દંડ - પ્રમુખ**

**મહેશ ખીમજી લાલકા - કન્વીનર યુવા ઉમંગ - ૨૦૧૩ મો. ૯૮૨૫૨૮૭૫૫૫**

# પ્રકાશ સમીક્ષાના સહતંત્રી ચંપક જીવાણી ગુણાનુવાદ

## પરિવાર અને પ્રકાશ સમીક્ષાને મળેલ શોક - સાંત્વન સંદેશના મુખ્ય અંશ







### તસ્વીરોમાં સચવાયેલ ચંપકભાઈનું જીવનચક્ર







### પ્રકાશ સમીક્ષાનો શોક ઠરાવ

પ્રકાશ સમીક્ષા સમિતિએ તેના સભ્યશ્રી અને સહતંત્રી શ્રી ચંપક જીવાણીની અણધારી ચિરવિદાયથી ઘેરો આઘાત અનુભવ્યો છે. વર્ષ ૨૦૧૩ની ૩૦મી સપ્ટેમ્બરના સોમવારની એ ક્ષણે એમના કુટુંબ, પ્રકાશ સમીક્ષા પરિવાર પાસેથી સ્વજ ન જ નહીં જ્ઞાતિ પાસેથી પણ એક આશાસ્પદ આગેવાન છીનવી લીધો.

પ્રકાશ સમીક્ષા સમિતિ એમના દેહાંત નિમિત્તે ઘેરો શોક વ્યક્ત કરતા અને તેમના પરિવારને સાંત્વના જહેર કરતા એમના પ્રકાશ સમીક્ષા અને જ્ઞાતિ માટેના યોગદાનના ગુણાનવાદ રૂપે ખાસ નોંધ લે છે કે તેમનો સૌને સહાયભૂત થવાનો સ્વભાવ, સાદગી, નમ્રતા, દેખાદેખી કે અહંકારભાવથી દૂર રહેવાનો સ્વભાવ એમને સુશ્રાવક તરીકે આદરણીય બનાવે છે.

જ્ઞાતિના ઉત્કર્ષ માટે કોઈપણ જવાબદારી ઉપાડી લેવાની સદૈવ તત્પરતા અને તેને સંનિષ્ઠ સમર્પિતતા એમના સૌમ્ય વ્યક્તિત્વના ઉમદા પાસાં હતા.

પ્રકાશ સમીક્ષા સાપ્તાહિક પ્રકાશન માટે છેલ્લા દસેક વર્ષથી તેમણે આપેલ યોગદાન હંમેંશા અવિસ્મરણીય રહેશે.

તેમની આ અચાનક ચિરવિદાયથી પ્રકાશ સમીક્ષા સહિત અનેક સંસ્થાઓને કાયમી ખોટ પડી છે.

પ્રકાશ સમીક્ષા પરિવાર એમના આત્માની શાંતિ માટે તથા એમના પરિવારની સાંત્વના માટે પ્રાર્થના કરતા તેમની સ્મૃતિ હંમેશા રહી આપણને સૌને કર્તવ્યનિષ્ઠા માટે પ્રેરતી રહે એવી કામના કરે છે.

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈનો શોક ઠરાવ

જ્ઞાતિના સ્નેહી સ્વજન, મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્ય ચંપકભાઈ જીવાણી એક ઉમદા અને સાલસ સ્વભાવના માનવી હતા. તેમની મીઠાશભારી વાણી અનો માનવતાભર્યા સ્વભાવનો આપણને કાયમ પરચો મળતો રહ્યો હતો. પ્રકાશ સમીક્ષાના સહતંત્રી અને એક જવાબદાર પત્રકાર તરીકે તેમણે સમાજની અલગ પ્રકારે સેવા પણ કરી હતી. ઉપરાંત, કાયમ વિવાદથી અળગા રહીને સમાધનકારી અને સહુનો શાતારૂપી સંબંધો બાંધવાની પ્રેરણા તેમણે સતત આપી હતી.

આવા ચંપકભાઈના અરિહંતશરણ થવાથી માત્ર પરિવારને નહીં પણ આખી જ્ઞાતિને એક સ્વજનની મોટી ખોટ પડી છે. મુંબઈ મહાજન, શ્રી અનંતનાથજી મહારાજ દેરાસર

ટ્રસ્ટ અને અનંત યુવાશક્તિ વતી તેમનું પુણ્યસ્મરણ કરતાં જિનચરણે એટલી પ્રાર્થના કે ચંપકભાઈના પરિવારને દુઃખ સહન કરવાની શક્તિ આપે...

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

ચંપકભાઈ, આપ દીપ બનીને પ્રગટતા રહયા, સંઘ-શાસન તથા જખૌ ગામમાં અજવાળા પાથરતા રહ્યા.

જન જન ના હૃદયમાં સ્નેહનું સ્મારક રચી ગયા, સૌની વચ્ચે વિરાટ વ્યક્તિતત્વ રચી ગયા. જેને પૂર્ણ કરતા પડે અનેક જન્મારા પણ ઓછા એવું વિશાળ કાર્યફલક એક જ જન્મમાં રચી ગયા.

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન**

ચંપકભાઈના અકાળે થયેલ દુખદ નિધનથી પરિવારે પોતાના વ્હાલા સ્વજન ને ગુમાવ્યા છે. જ્ઞાતિએ એક સક્ષમ આગેવાનને ખોયા છે. એ ખોટ આપણાને હમેંશા સાલશે.

એમના અધુરા રહેલા કાર્યો ને પૂરા કરીએ એમના આદર્શો ને અનુસરીએ એજ એમને સાચી અંજલિહશે.

**શ્રી કે.ડી.ઓ. સુડન્ટસ અસોસિએશન**

શ્રી ચંપકભાઈ બાળપણથીજ અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહેલા. નલિયા જૈન બાળાશ્રમ અને વિરજીલધાભાઈ વિદ્યાર્થીગૃહ દ્વારા યોજાયલ અનેક પ્રવૃત્તિમાં સક્રિય યોગદાન આપતા.

યુવા અવસ્થામાં વિદ્યાર્થી સંઘના માનદ મંત્રીનું પદ ગ્રહણ કરી સંઘની પ્રવૃત્તિઓને સારો એવો વેગ આપી શ્રી સંઘને હળહળતો રાખ્યો.

અમારા જેવા વિદ્યાર્થીઓ માટે આદર્શ સ્વરૂપ હતા અને સદાય રહેશે.

**આ. કલાપ્રભસાગર સૂરિના ધર્મલાભ**

સુજ્ઞશ્રી ચંપકભાઈ જીવાણીની ઓચિંતી વિદાયના સમાચાર સાંભળી ખુબજ ખેદ અનુભવેલ.

તેઓ, વિજ્યભાઈ તથા અમે શ્રી આર્યરક્ષીત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મેરાઉ (કચ્છ) ના સહાધ્યાઈ હતા. ધાર્મિક શિક્ષણ તથા વડીલોના સંસ્કારો થકી તેઓ શાંતિ - સૌમ્ય પ્રકૃતિના હતા. સુજ્ઞ, ઠરેલ, ગંભીર, શાસન - ગચ્છ - જ્ઞાતિના હિતદાઝવાળા હતા.

**શ્રી ડોંબિવલી ગુજરાતી સમાજ**

ચંપકભાઈ રાયચંદ જીવાણી, સારસ્વત આરાધક હતા. સેવામય જીંદગી જીવ્યા. એમના અકાળે દુઃખદ અવસાનથી સમાજને ખોટ પુરાય એવી નથી. તેઓએ ડોંબિવલી ગુજરાતી સમાજના મા. મંત્રીનું પદ શોભાવ્યું હતું.

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબીવલી**

શ્રી ચંપકભાઈ શ્રી સંઘની સાથે ઘણા વર્ષોથી સંકળાયેલા હતા, મહત્વના હોદાએ રહી શ્રી સંઘ - શાસનની સુંદર સેવા બજાવી હતી, તેઓશ્રી મિલનસાર, સ્પષ્ટ વકતા અને શ્રી સંઘના સચોટ માર્ગ દર્શક હતા.

એમણે કરેલા સત્કાર્યોની સુવાસ હમેશા પ્રસરતી રહેશે.

**મોટી ખાવડીથી શ્રી. યશોદાશ્રીજી ધર્મલાભ**

ચંપકભાઈ સ્વભાવથી શાંત મિલનસાર. નાના-મોટા તમામ વ્યક્તિઓમાં આદરણીય સ્થાન ધરાવનાર. ચંપકભાઈના અકાળ અવસાનથી ગામ, સમાજ અને કુંટુંબ પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ વર્તાશે. એ અવિનાશી આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિ પામે એવી પરમકૃપાળુ પ્રભુને પ્રાર્થના.

**Shree Shantijeen Jain Jagruti Group - Mumbai**

We feel very sorry to hear about the sudden and sad demise of husband Shri. Champak Jivani. Please accept our heartfelt respects to the departed soul.

**શ્રી સ્વસ્તિક ગ્રુપ**

સાદગી જેમનો સ્વભાવ, પરિશ્રમ જેમનો પારસમણી, પરોપકાર જેમની પૂજા, સત્યનીષ્ઠા જેમની નીતિ એવા વાત્સલ્યમૂર્તિ, ધર્માનુરાગી સ્નેહીશ્રી ચંપકભાઈ જીવાણીને મનઃપૂવર્ક શ્રધ્દ્ધાજલિ.

**શ્રી કચ્છીદશા ઓસવાલ જૈન પશ્ચિમ એકમ**

ચંપકભાઈ જેવા ઉમદા વ્યક્તિત્વ ધરાવનાર ધીર - ગંભીર કાર્યકર્તાની ખોટ કાયમ સાલશે.

**સોમ ધરમશી**

ચંપકભાઈ કેટલાયના પરમમિત્ર, સમાજના મુકસેવક. મિલનસાર સ્વભાવથી બદામપ્રિય અને સર્વેના શુભચિંતક. એમની ખોટ શાલસે.

**(વધુ સંદેશ આવતા અંકે)**

દોસ્ત કે...

સો સો સલામ



જન્મ :

૧૫-૬-૧૯૫૫

અરિહંત શરણ :

૩૦-૯-૧૩

**ચંપક રાયચંદ જીવાણી**, જખૌ- ડોંબિવલી

કલમજા કસબી, નીડર પત્રકાર, હંમેશાં સકારાત્મક લખેં, કડાંક અનીકે લગે ત મઠી ટકોર સેં ઈશારો કરેજી હિંમત પણ ખરી. ગુજરાતી ભાષા મથે અનીંજો એડો પ્રભુત્વ કે થોડેં શબ્દેંમેં ઘણે ચે જી અનીંજી હથોટી. ઘણે વખત ચેં ‘સુજ્ઞેસુ કિં બહુના’- ‘સમજદાર કે ઈશારો કાફી આય’જ્ઞાતિ શીરોમણી શેઠ શ્રી નરશીનાથા જો મંત્ર ઈ અનીંજો જીવન મંત્ર. હંમેશા ચેં ‘બ્યો કીં ન વિચાર્યો’ - ‘પાં જ્ઞાતિ લા કોરો કરે સગોંતા ઈ વિચાર્યો.’ અનીંજા વિચાર, વાણી અને વર્તન મેં પાંકે ગાંધીજી જી છબી ડશાજે. મહેરામણજી વિશાળતા જેડી અનીંજે ડીલજી વિશાળતા, મડે સમાય ગનેં, કેંકે કડેં કીં ન ચેં. ઉચ્ચ કોટી જે આત્માવારા આમ આદમી. હનીંજી દોસ્તી કરેજો અશાંકે મોકો મલ્યો હી પણ અસાંજો સદ્ભાગ્ય. જ્ઞાતીજે ગગન મેં ચળકતો તારલો મણીજે વચ્ચમે પલભરમેં અલપ-ઝલપ થઈ વ્યો. હનીંજી ખોટ ઘર, જ્ઞાતી અને સમાજકે ઘણેં વખત સુધી સાલધી. હનીંજો આત્મા સદાય પરમ શાંતીમેં રે હીજ અસાંજી પરમાત્મા કે પ્રાર્થના.

**શ્રદ્ધાસુમન**

| | |
|---|---|
| નીતીન રાયચંદ સાયલા - સુથરી | રતીલાલ શામજી મોમાયા - વરાડીયા |
| નરેન્દ્ર જેતસી શિયાલ - દલતુંગી | રમેશ હીરજી લોડાયા - સુથરી |
| રાયચંદ દેવશી જીવાણી - જખૌ | મુકેશ ભવાનજી લોડાયા - મો. સિંધોડી |
| મહેન્દ્ર મેઘજી મોતા - વારાપદ્ધર | નવીન વિશનજી મૈશેરી - જખૌ |

શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઇ**

આયોજિત સમુહલગ્ન ૨૦૧૩ કચ્છ મધ્યે રાખેલ છે.

**શુભ લગ્ન** તા. ૮-૧૨-૨૦૧૩ રવિવાર

**ગીતરાસ** તા. ૦૭-૧૨-૨૦૧૩ શનિવાર

સમુહ લગ્નમાં જોડનાર ઇચ્છુકોએ સંપર્ક કરી ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી, **સમુહલગ્નમાં જોડનાર દરેકને ઘરચોળો (ખોંભાનો છાલ) આપવામાં આવશે.**

**લી. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ.**

**કિરણ દંડ** - ૯૮૩૩૮૦૮૨૪૪ (મહામંત્રી)

**પ્રબોધ મુનવર** - ૯૯૨૫૧૬૯૮૭૯ (મહામંત્રી કચ્છ)

---

શ્રી શાંતીનાથાયે નમો નમઃ

**નવકાર લખનારની અનુમોદના**

સાંધવ ગામે શાંતિનાથ દાદાની શિતલ છાયામાં ચાર્તુમાસ બિરાજમાન પ. પૂ. કંચનસાગર મ.સા. ની શુભ નિશ્રામાં નવકાર મહામંત્ર લખનાર જે દેશ-પરદેશ માં જે ભાગ્યશાલી લખેલ હશે તેમની અનુમોદના તા. ૧૩/૧૧/૨૦૧૩ કારતક સુદ ૧૧ના સવાર ના ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે સાંધવ ગામે રાખેલ છે. અનુમોદના કરવાનો લાભ તેમજ બપોરના સાધર્મિક ભક્તિનો લાભ માતૃશ્રી લક્ષ્મીબાઇ નરશી દંડ પરીવાર, હસ્તે શામજી નરશી દંડ ચાર્તુમાસ પુર્ણાવતી તા. ૧૭/૧૧/૨૦૧૩ ના છે. ઠામ ઉઠામણ તા. ૧૮/૧૧/૨૦૧૩ ના છે. તો સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ

**શ્રી શામજી નરસી દંડ**

**પ્રમુખ - શ્રી ક.દ.ઓ. સાંધવ જૈન જ્ઞાતિ મહાજન**

---

**સુથરીની ચાર સંસ્થાઓના વર્ષ**
**૨૦૧૨-૨૦૧૩ ના હિસાબો**

શ્રી સુથરી પાંજરાપોળ આદિ ચારે સંસ્થાઓના તા. ૧/૪/૨૦૧૨ થી ૩૧/૦૩/૨૦૧૩ ના હિસાબોનું ઓડીટ થઇ ગયેલ છે. સુથરી સંઘના સભ્યોને હિસાબ જોવા માટેનો સમય તા. ૧૬/૧૦/૨૦૧૩ થી ૩૦/૧૦/૨૦૧૩ સુધીનો રાખવામાં આવેલ છે. એ માટે ટ્રસ્ટની મુંબઇ ઓફીસમાં સોમવાર થી શુક્રવાર, બપોરના ૨ થી ૫ દરમ્યાન સમય લઇ વર્ધમાન રતનશી લોડાયાનો સંપર્ક કરવો. હિસાબ જોવા માટે એક દિવસ અગાઉ લેખીત જાણ કરવી.

મુંબઇ ઓફિસ સરનામું :

C/o. **નરસી કોટન,**

એમજીન ચેમ્બર્સ, ત્રીજે માળે, ૧૦, વિદ્યાનગરી માર્ગ,

કલીના સાંતાક્રુઝ (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૯૮.

ફોન : ૦૨૨-૨૬૬૫૧૭૪૦

---

# શ્રી કે. ડી. ઓ સ્ટુડન્ટસ એસોસીએશન

**૧૭, ભેદા ભુવન, ૨૨, જેઠાભાઇ લેન,**

**ઘાટકોપર (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.**

શ્રી વિદ્યાર્થી સંઘના ૬૦માં વાર્ષિકોત્સવ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ છે. કાર્યક્રમ નવેમ્બર મહિનાના બીજા આઠવાડિયામાં યોજાશે. તેમાં નૃત્ય, નાટિકા, મીમીક્રી, ફેશન શો, આદિ કાર્યક્રમ રાખેલ છે. જે કોઇ પણ જ્ઞાતિજન ભાગ લેવા ઇચ્છુક હોય તેમણે નીચે મુજબ કાર્યકર્તાઓનો સંપર્ક સાધવો.

| | | |
|---|---|---|
| **નૃત્ય** | લબ્ધિ વિરેન લોડાયા | ૯૭૫૭૨૯૬૭૪૦ |
| | નિકિતા નરેશ મૈશેરી | ૯૯૩૦૯૦૯૩૮૩ |
| **નાટિકા** | તેજસ મહેંદ્ર ખોના | ૮૭૬૭૨૫૫૬૨૨ |
| | જીલ મહેશ નાગડા | |
| **મીમીક્રી અને** | ઉર્વી નરેન લોડાયા | ૯૭૫૭૪૨૨૮૮૦ |
| **ફેશન શો** | દિવ્યેશ યોગેશ લોડાયા | ૯૩૨૦૩૧૫૫૬૧ |

**નોંધ :** ધોરણ ૧૦, ૧૨, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડીપ્લોમા અને વિશેષ ડિગ્રીના સર્વે વિદ્યાર્થીઓને વિનંતી છે કે તેઓ પોતાની માર્કશીટની ઝેરોક્સ કૉપી વિદ્યાર્થી સંઘમાં જમા કરાવે. જેથી ઇનામ વિતરણ માટે સવલત રહે. વધુ વિગત માટે વિદ્યાર્થી સંઘના કાર્યકર્તાઓનો સંપર્ક કરો. ઇન્ચાર્જ : ઉર્વી નરેન લોડાયા - ૯૭૫૭૪૨૨૮૮૦

## વાર્ષિકોત્સવ નિમિત્તે સોવિનિયર

દર વર્ષની જેમ આ વર્ષે પણ વાર્ષિકોત્સવ નિમિત્તે વિદ્યાર્થી સંઘનો સોવિનિયેર (વાર્ષિક અંક) પ્રગટ થવાનો છે. તમામ દિલાવર દાતાઓને વિનંતી છે કે તેઓ જાહેરાતરૂપે પોતાનું યોગદાન આપી વિદ્યાર્થી સંઘના કાર્યમાં મદદરૂપ બને

**સોવિનિયરના દર :**

| | |
|---|---|
| Rs. 5000 | કલર ફૂલ પેજ |
| Rs. 3000 | કલર હાફ પેજ |
| Rs. 2000 | બ્લેક એન્ડ વાઇટ ફૂલ પેજ |
| Rs. 1500 | બ્લેક એન્ડ વાઇટ હાફ પેજ |
| Rs. 750 | બ્લેક એન્ડ વાઇટ કૉર્ટર પેજ |

**નોંધ :** જરૂરતમંદ વ્યવસાયિકોને બ્લેક એન્ડ વ્હાઇટ ક્વાર્ટરપેજ ફ્રી આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| **સંપર્ક :** | ઉર્મિન લોડાયા | ૯૧૬૭૦૬૦૦૪૩ |
| | તેજલ ધ્રોળ | ૯૬૬૪૧૫૭૭૪૫ |
| | અનુજ લોડાયા | ૯૫૭૯૭૮૭૮૦૦ |

ॐ ह्रीं श्री चंद्रप्रभस्वामिने नमः  ॐ ह्रीं श्री प्रगटप्रभावी शंखेश्वर पार्श्वनाथाय नमः  श्री गौतम-गुण-गुणोदय-कलाप्रभ सागर सूरीभ्यो नमः

અંતરીક્ષથી અમીદ્રષ્ટી પ.પૂ. ગુરૂણી નરેન્દ્રશ્રીજી મ.સા., પ.પૂ. વિદ્યુત્પ્રભાશ્રીજી મ.સા.

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી

**''૫ દિવસીય શિબિરનો પ્રસંગ છે ખાવડી ગામના આંગણ,
આપના આગમનથી દીપી ઉઠશે શ્રી ચંદ્રપ્રભુ જિનાલયનું પ્રાંગણ.''**

**સંસ્કાર, સેવા, શાસનપ્રેમને સમજણનો રસથાળ એટલે શિબિર**

મોટી ખાવડીવાસીઓ પધારો માદરે વતન

દિવાળી વેકેશનમાં અમૂલ્ય તક,

શ્રી ચંદ્રપ્રભુદાદાની પૂજા, અર્ચના-સ્તવનાનો અમૂલ્ય લ્હાવો,

માતૃભૂમિનો ખોળો ખૂંદવાની સોનેરી તક,

પૂ. ગુરૂમૈયા મહોદયશ્રીજી મ. સા. આદીઠાણા ના

સાનિધ્યમાં રહેવાનો અલૌકિક અવસર...

શ્રી દેવ-ગુરૂ ધર્મપ્રેમી મોટી ખાવડીના સમસ્ત પરિવારો તથા વહાલી નિયાણીઓ, હૈયાના મહાસાગરમાં હેતના હિલોળા લેતો ભરતી જેવો સોનેરી પ્રસંગ આપણા સંઘના આંગણે આવ્યો છે. પૂ. ગુરૂદેવશ્રીની નિશ્રામાં ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક ના ત્રિવેણી સંગમરૂપ **જીવન શણગાર શિબિર.**

## પધારો..... આપ સૌને આત્મીય આમંત્રણ.

**બુધવાર, તા. ૬/૧૧/૨૦૧૩ થી રવિવાર તા. ૧૦/૧૧/૨૦૧૩**

અમારા નયનો આપના આગમનના ઇંતેજારમાં છે,
મોડું નહિ કરતાં, વિચારતાં નહિ તક ગુમાવશો તો પસ્તાશો.

**આ છે શિબિરનો રંગબેરંગી નઝારો**

યોગાસનો, જૈન ધર્મની વિવિધ મુદ્રાઓ, શાસનવંદના, વિવિધ વિષયોપર પ્રવચનો, અષ્ટપ્રકારી પૂજા, ભાષ્યજાપ, જ્ઞાનવર્ધક કસોટીઓ, જ્ઞાન ગમ્મતનો ખજાનો, પ્રભુમિલન (સંવેદના) સમૂહઆરતી, વિરતિધર્મની આરાધનાઓ, અનુષ્ઠાનો રાત્રે રાસ-ગરબા વિ. સાંસ્કૃતિક કાર્યક્રમો

**આપણી સંસ્કૃતિ, ધાર્મિક વેશભૂષાઓ થી સજ્જ બનશે આપણા ભુલકાઓ.**

**આપ આવો સૌને સાથે લાવો.....**

લિ.

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી વતી**

ટ્રસ્ટીશ્રીઓ

**સામાજિક સુરક્ષા યોજનામાં સહયોગ રૂપે પ્રેરણાદાયક સાધર્મિક ભક્તિ**

જખૌના વતની અને ગાંધીધામ સ્થિત શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર ના શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા તરફથી મધ્યમ વર્ગના પરિવાર જનોને જ્ઞાતિની સામાજિક સુરક્ષા યોજનાના ૩૫ સભ્ય બનાવવા માટે રૂા. ૭૦,૦૦૦/-ની રકમ સાધર્મિક ભક્તિ સ્વરૂપે પ્રાપ્ત થઇ છે. તેમાંથી અત્યાર સુધી ૨૭ જ્ઞાતિજનોને ફક્ત રૂા. ૨૦૦ /- સભ્યપદ ફી ના લઇ યોજનાના સભ્ય બનાવ્યા છે. કેડીઓ વેલ્ફેર ઓસોસીએશન શ્રી લબ્ધિકુમારના ભુરી ભુરી અનુમોદના કરે છે. ઉપરાંત એસોશીએશને શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી), શેઠશ્રી કીરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા (રવા), મોતા પરિવાર (લાખણીયા), શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન- મુંબઇ તરફથી પણ સભ્યો માટે યોગદાન મળતું રહે છે. એ સર્વે ઉદારદિલ દાતાઓની અનુમોદના.


શુભેચ્છાસહ.....

*Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

**C.H.A.No.11-0404**


**સ્વસ્તિક ગ્રુપ ને અભિનંદન**

શ્રી સ્વસ્તિક ગ્રુપ- ડોંબીવલીના હોંશીલા યુવા કાર્યકરોએ સામાજિક - સાધાર્મિક કાર્યો સાથે ચૈત્ય પરિપાટીનું સુંદર આયોજન કરેલ. જેમાં ત્રણ બસો દ્વારા દોઢસો યાત્રિકોને લઇને નેર, બલસાણા, ડોંડાઇચા, પારોલા, પાચોરા, અમલનેર, ધુલીયા તીર્થોના દર્શન, સેવા પૂજા, કરાયેલ. રાત્રીભાવનાઓ બસમાં ધાર્મિક અતાંક્ષરી વગેરે થયેલ, દરેક ઠેકાણે સુંદર ભોજન-નાસ્તા-વ્યવસ્થા તથા પ્રવાસમાં ડ્રાયફ્રુટ, મુખવાસના પેકેટો અપાયેલ. દરેક યાત્રીઓને ખુબ આનંદ થયેલ. ગ્રુપના યુવા કાર્યકરો આવા હરહમેંશ સુંદર આયોજન કરતા રહે એજ શુભ કામના ને અંતરનાં આર્શીવાદ

મુલુંડ ૨૭-૯-૨૦૧૩-અજિત લોડાયા

**ઘાટકોપરમાં હોમિયોપેથીક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી કિરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને જી. વી. સી સંઘના સથવારે તારીખ ૨૧-૧૦-૨૦૧૩ ના સવારે ૧૦.૦૦ થી બપોરના ૩.૦૦ દરમ્યાન અનંત છાયા, ૬૦ ફિટ રોડ, ઘાટકોપર ઇસ્ટ માં હાડકાંની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથીક મેડીકલ કેમ્પ યોજાવેલ છે.

ઇચ્છુક જ્ઞાતીજનોએ લાભ લેવા સંપર્ક : શ્રી અજયભાઇ લોડાયા મોબાઇલ નંબર ૯૮૯૨૩૭૨૭૭૭ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન રૂા. ૫૦ ત્યા આવીને ભરવાના રહેશે.

## શ્રી ક.દ.ઓ. ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર
## લેડીસ વિંગનો સમાજોપયોગી કાર્યક્રમ : ગેરેજ સેલ

જી.વી.સી. સંઘ લેડીસ વીંગ દ્વારા એક સેલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપને મળેલ ભેટ - સોગાદ - લાણી યા કોઈ પ્રસંગે મળેલ વસ્તુઓ કે જેનો આપ કોઈ ઉપયોગ ન ક્ર્યો કે તેની જરૂરત ન હોય તેવી વસ્તુઓ, કપડા, પડદા, બેડશીટ, વાસણ, રમકડા, ક્રોકરી, બેગ, થેલા, વગેરે અમને આપી શકો છો, જેના વેચાણમાંથી ઉપજેલ રકમ સમાજસેવાના કાર્યમાં વપરાશે.

**વેચાણનું આયોજન :**

**તા. ૨૧ - ૨૨ ઓક્ટોબર ૨૦૧૩ સોમવાર, મંગળવાર સમય : ૧૦ થી ૭**

**સ્થળ : સંકલ્પ સેવા સંઘ, વિદ્યાભવન રોડ,**

**ડો. કેશવરામ બલીરામ મહાનગર પાલીકા ઉદ્યાન સામે, બે. નાથ પૈ નગર, ઘાટકોપર (ઈસ્ટ)**

**વધુ વિગત માટે સંપર્ક :**

મીનાક્ષી અજાણી - ૯૮૬૭૮૮૭૯૭૦
હંસાબેન શાહ - ૯૯૮૧૯૮૧૩૮૧
અરૂણા લોડાયા - ૯૮૨૧૨૩૪૦૩૩
લત્તા કુરવા - ૯૩૨૪૦૨૮૯૩૨
અલ્પા લાલકા - ૯૯૩૦૮૩૦૦૩૧
લીના લોડાયા - ૯૭૬૯૪૧૧૦૧૦
શોભા લોડાયા - ૯૩૨૨૦૮૮૨૩૯
ચાંદની ખોના - ૯૧૬૭૭૧૦૬૪૬
કલ્પના મૈશેરી - ૯૭૭૩૨૦૦૪૮૬
રાજશ્રી શાહ - ૯૯૮૭૬૯૩૩૩૪
દીના વિકમશી - ૯૮૨૦૦૮૨૯૪૯

**સેલની મુલાકાત લઇ તેમાં સહભાગી થઇ અમને સમાજ કાર્યમાં પ્રોત્સાહન આપો.**

જય કચ્છ

જય ગૌભકત શ્રી શંભુ મહારાજ

જય ગરવી ગુજરાત

जय श्री महाराणा प्रताप - जय श्री छत्रपती शिवाजी

जय श्री सरदार वल्लभभाई पटेल - जय श्री नेताजी सुभाषचन्द्र बोस - जय श्री लालबहादुर शास्त्री

# સૌનો સાથ.... સૌનો વિકાસ

# શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર)

## ગાંધીધામ (ભારત વર્ષ)

# *વિશ્વભરમાં એક ગુંજ છે... ગરવી ગુજરાત રાજ્ય!*

# આઝાદીની પ્રથમ વખત વિકાસની હરણફાળ... વિકાસગતિ પ્રાપ્ત કરી ચુક્યું છે.

વિશ્વના સમુન્દ્રી તટમાં સૌની સાથે અગ્રીમ ૧૬૮૪ - કી. મીટરનું દરીયાઈ ક્ષેત્ર સૌથી મોખરે, રણ, ખાણ-ખનીજ - ખેતી - ગ્રીન ક્રાન્તી - શ્વેત ક્રાન્તી : દહીં - દુધ - માખણ - ઘી, ઔદ્યોગિક ક્ષેત્રે - સાથે સૌથી વિશેષ - રોડ રસ્તા ઈન્ફાસ્ટ્રક્ચર - ઉર્ઝા ક્ષેત્રે - આજે વિશ્વને માર્ગદર્શન આપે છે. ત્યારે આયાત નિકાસના દ્વાર વધુ ને વધુ ખુલ્યા છે.... ખુલી રહ્યા છે.... ખુલવાની તૈયારીમાં છે. રોજગારી તથા આજીવિકાની તકો વધુને વધુ ઉપલબ્ધ થઈ છે.... જાહેર સુરક્ષા, શાન્તી, ભાઈચારાનું એકમાત્ર સ્થળ. દિન-રાત ઉદ્યોગોથી ધમધમતુ...

સાંઘાઈ સીટીથી પણ વિરાટ બંદરગાહોમાં અગત્યનું સ્થાન ધારણ કરવાની મુખ્યધારામાં **ધોલેરાસર બંદર** મુંબઈ - નવી મુંબઈથી પણ અગત્યનું સ્થાન ધરાવશે. ભારતનો સૌપ્રથમ ૧૦ ટ્રેક નેશનલ હાઈવે તેમજ અસંખ્ય સુખ સુવિધાઓથી સજ્જ થવાનું સ્વપ્ન સાકાર થવાના આરે છે. જ્યારે પશુપાલન, ખેતી, સીંચાઈ, ઉત્પાદન ક્ષેત્રે વિકાસ પામવા આવી ગરવી ગુજરાત આજે રોજગારી ધંધાનું વિશાળ હબ બનવા જઈ રહ્યું છે, ત્યારે આપનું નાનું ઈન્વેસ્ટમેન્ટ શું નથી કરી શકતું ?

આપની સાત પેઢીઓનું ભવિષ્ય મજબુત બનાવવા **ધોલેરાસર બંદર**ની વિશેષતાઓમાં આપના ભવિષ્ય સાથે આવનાર પેઢીઓની વિકાસ ગાથા સાથે યાદગાર બની રહેશે. **જીવો અને જીવન બનાવો... સમય બચાવો...**

મેટ્રોરેલ પ્રોજેક્ટ ધોલેરાથી ગાંધીનગર વાયા અમદાવાદ, સમય બચાવશે. DMIC દિલ્લી વાયા અમદાવાદ - ભારત વર્ષનું પ્રથમ નજરાણું બનશે.

દુનિયાનું સૌથી મોટું માનવ સર્જીત મીઠા પાણીનું સરોવર **કલ્પસર પ્રોજેક્ટ** દ્વારા મીઠા જળનો સંગ્રહ કરીને ઉર્જા ઉત્પન્ન કરાશે, જે સંપૂર્ણ વિસ્તારને હરીયાળી કુદરતમય બનાવશે. ગ્રીન ગુજરાત... ગ્રીનલેન આંતરાષ્ટ્રીય કાર્ગો એરપોર્ટ વિદેશ વ્યાપાર વધારશે. ઔદ્યોગિક ઝોન જે રોજગાર અને આવકના અસંખ્ય સંસાધનો પેદા કરશે, ભવિષ્ય બનાવશે, ગર્મી, ગીર્દી, ગંદગીથી બચાવશે. આરોગ્યમય જીવનધારા બનાવશે.

ભારત દેશના અને વિશ્વને અનુલક્ષીને ૭૫૦૦૦ એકરમાં રહેણાંકની આવાસ યોજના વિકાસી રહ્યું છે. સંતોષનું એકમાત્ર સ્થળ એટલે **ધોલેરાસર બંદર**. સાથે જૈન દેરાસરોથી સજ્જ મંદિરો, દેવાલયો, હરવા - ફરવા, જાણવા-માણવાનું એકમાત્ર સ્થળ. અહીં ઈન્વેસ્ટમેન્ટ કરી ભવિષ્ય ઉજ્જવળ બનાવો.

**જે. એમ. પી. સી. બિલ્ટ લાઈન અમદાબાદના ઓથોરાઈઝ્ડ બુકીંગ એજન્ટ**

**શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ (ભારત વર્ષ)**

**જે આપની તમામ સહાયતામાં સદાય મોખરે છે અને રેહેશે.**

**અમારી વેબસાઈટના માધ્યમથી જાણો અને માણો : www.dadabhalara.in**

# SHRI BHALARADADA ESTATE AGENCY GROUP(PARIWAR) GANDHIDHAM

| SR | AGENT NAME | CITY | MOBILE | 45 | RAMESHBHAI MAHESHWARI | INDORE | 9424051591 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | SWARAJBHAI | GANDHIDHAM | 9712204390 | 46 | NILESHBHAI MAKVANA | GANDHIDHAM | 9586622110 |
| 2 | SHIVA BHAI | GANDHIDHAM | 9825251212 | 47 | DHVALBEN SETHIYA | BHUJ | 9537285132 |
| 3 | PARESH BHAI | GADAG | 9448759538 | 48 | NAVALBEN DHARMASHI | HYDERABAD | 9247304982 |
| 4 | PRAFULBHAI | MULUND | 9223346423 | 49 | VIJAY K.CHELLANI | GANDHIDHAM | 9375322608 |
| 5 | PRABODH BHAI | BHUJ | 9925169876 | 50 | BHIKHALAL J SHIYAL | GANDHIDHAM | 9426951765 |
| 6 | RAJESH BHAI LALKA | VADODARA | 9428169830 | 51 | VEENABEN NAGDA | MUMBAI | 9322908077 |
| 7 | SARADBHAI | SURAT | 9638321690 | 52 | NITINBHAI SHAH | NALIYA | 9979179279 |
| 8 | NEELAM BEN | VERAVAL | 9426937963 | 53 | ALPABEN TRAVEDI | GANDHIDHAM | 9824480013 |
| 9 | VIJUBHAI | GANDHIDHAM | 9428080478 | 54 | MRUDULABEN R JOSHI | SURENDRANAGAR | 9998233625 |
| 10 | VIRCHAND BHAI | GANDHIDHAM | 9909005201 | 55 | HIREN BHAI LODAYA | GADHSHIHSA | 9712394204 |
| 11 | LBM | GANDHIDHAM | 9825351001 | 56 | HIRABEN JAIN | BHADRESHWAR | 8980541437 |
| 12 | DEVKIBEN | GANDHIDHAM | 9429042342 | 57 | NAYANBHAI MOMAYA | MUMBAI | 9821984500 |
| 13 | KIRAN BHAI | RAJKOT | 9925582771 | 58 | HEMANG BHAI SHAH | MUMBAI | 9867545665 |
| 14 | LALJI BAPA | PUNA | 9370710891 | 59 | DHAVALBHAI NAGDA | VADODARA | 9924458002 |
| 15 | S.K.YADAV | GANDHIDHAM | 9428506398 | 60 | RAMESHBHAI AJWANI | ADIPUR | 9879431123 |
| 16 | KHIRTINBHAI | BURHANPUR | 9300254906 | 61 | KAMLESHBHAI SUKLA | AHEMDABAD | 9913985544 |
| 17 | VIDHATA BEN | AHEMDABAD | 8758903225 | 62 | KANTILAL GOR | BHUJ | 9825255934 |
| 18 | KULINBHAI | MUMBAI | 9820869708 | 63 | NITINBHAI GOR | BHUJ | 9825842334 |
| 19 | DIPAKBHAI SHAH | ICHALKARANJI | 9422352617 | 64 | BIPINBHAI PIPDIYA | GONDAL | 9824209101 |
| 20 | LALITBHAI | JALGOAN | 7385073944 | 65 | DARSHANBHAI C. JIVANI | MUMBAI | 9820808077 |
| 21 | PARAG BHAI | NAVI MUMBAI | 9833041841 | 66 | ANOPCHANDBHAI NAGDA | AHEMDABAD | 9376099121 |
| 22 | RAYCHANDBHAI | NALIYA | 7874147555 | 67 | SUMITBHAI MOMAYA | GANDHIDHAM | 9825237902 |
| 23 | DHANPATI NAGDA | SANGLI | 9767440600 | 68 | RAJ TRIVEDI | GANDHIDHAM | 7874801166 |
| 24 | MUKESH BHAI | VAPI | 9825961067 | 69 | TULSHIBHA GADHVI | GANDHIDHAM | 9879322301 |
| 25 | SHILPABEN | GANDHIDHAM | 9712204050 | 70 | VIJAYBHAI JIVANI | MUMBAI | 9920610765 |
| 26 | SANKHALA SAHEB | GANDHIDHAM | 9898075660 | 71 | BHARATBHAI V JIVANI | MUMBAI | 9833921313 |
| 27 | SANTILAL LALKA | HUBALI | 9242220803 | 72 | KISHOR MAHARAJ | MUMBAI | 8097249541 |
| 28 | KESHUBHAI | GANDHIDHAM | 9429945392 | 73 | KUMAR MOMAYA | MUMBAI | 9833098338 |
| 29 | RAJESH MODI | KOLKATA | 9330937023 | 74 | KAMLESH KHATRI | ADIPUR | 9427441724 |
| 30 | PRAVINBHAI | GANDHIDHAM | 9879617431 | 75 | DINESHBHAI HADIYA | SHINAY | 9979184162 |
| 31 | SHITALBEN | GANDHIDHAM | 9978040058 | 76 | PARESH VIRENDRA KHONA | NASIK | 9823173742 |
| 32 | RAJKUMAR NAGDA | MUMBAI | 9820361697 | 77 | MOHANBHAI BHANUSHALI | GANDHIDHAM | 8530777780 |
| 33 | USHABEN | MUMBAI | 9819889416 | 78 | BHOGYATA DILIP MAHARAJ | GANDHIDHAM | 9375325887 |
| 34 | HEMANT BHAI | LONAVALA | 9370710891 | 79 | BATVIYA RAJESH BHAI | DHORAJI | 9998123126 |
| 35 | KRUPABEN | DHORAJI/ UPLETA/ VERAVAL | 9825263287 | 80 | NITESH BHAI NAVIN CHNDER | AKLASEVER | 9429887029 |
| 36 | KAMLESHBHAI B LODAYA | MANAVADAR/PORBANDAR | 9426205756 | 81 | BHARATBHAI SHAH | BHUJ | 9429821065 |
| 37 | BHIKHABHAI | RADHANPUR | 9825160413 | 82 | DRUPADI BEN KELA | GANDHIDHAM | 9913468199 |
| 38 | DAYALAL PRAJAPATI | PALANPUR | 9427254635 | 83 | HITESH GOVINDJI PATEL | MUMBAI | 9167740177 |
| 39 | HARU BHAI KESHWANI | ADIPUR | 9825351290 | 84 | CHANDRESH TOKARSHI LODAYA | ALLEPPEY | 9447142676 |
| 40 | NIKUNJ BHAI PAREKH | DHORAJI | 9825879048 | 85 | DHANRAJ V MOTTA (SHAH) | JALGAON | 7385073944 |
| 41 | NARESHBHAI MALI | BHABHAR | 8866068554 | | | | |
| 42 | YOGESH BHAI | UNJA | 9426901303 | | | | |
| 43 | KANUBHARTHI GOSWAMI | PATAN | 9979641108 | | | | |
| 44 | GOVINDBHAI/NITIN VYAS | BHAVNAGAR | 9825692459/9737444192 | | | | |
| 45 | VIJAY SONI/NITIN VYAS | GARIYADHAR | 9825986813/9737444192 | | | | |

**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) સાથે સંકળાયેલ એજન્ટોની યાદી**

# -: ભાવભીની શ્રધ્ધાંજલિ :-



ગામ-તેરા
હાલ -કારંજા યવતમાલ



**શ્રી લક્ષ્મીચંદ કાનજી લોડાયા**
અરિહંત શરણ - ૧૨-૧૦-૨૦૧૨

**શ્રી જીતેન્દ્ર લક્ષ્મીચંદ કાનજી લોડાયા**
અરિહંત શરણ - ૩-૧૦-૨૦૦૭

આજે તમે નથી એ મન સ્વીકારતું નથી, તમારા કાર્યપથ પર તમારો સાથ નથી છતાં તમારી યાદ સદા તમે સાથે હોવાની અનુભૂતિ કરાવે છે, તમારી પ્રેમ ભાવના, ધર્મ પ્રત્યેની આસ્થા, કુટુંબ વાત્સલ્ય અને કાર્યકુશળતા આજે પણ અમારા સૌ માટે પ્રેરક સીમાચિન્હ છે. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના સાથે કર જોડીને વંદન....

**-: શોકાતુર :-**

ધર્મપત્ની : ગં. સ્વ. દુર્ગા લક્ષ્મીચંદ કાનજી લોડાયા
ભાઇ : મણીલાલ કાનજી લોડાયા
બહેન-બનેવી : સ્વ. પ્રેમાબાઇ ગોવીંદજી લાલકા - યલવીગી
સ્વ. ભાનુમતી નારાયણજી નાગડા - અમલનેર
સ્વ. જવેર તથા શ્રી ચિમનલાલ ટોકરશી મોતા - નિમચ
ગં. સ્વ. વિમલા પ્રફુલભાઇ મોતા - અમદાવાદ
પુત્ર-પુત્રવધુ : ગ. સ્વ. ગિતા જીતેન્દ્ર લોડાયા - યવતમાલ
અ.સૌ. પ્રિતી મહેન્દ્ર લોડાયા - કારંજા
અ.સૌ. રૂપા નંદીશ લોડાયા - કારંજા
અ.સૌ. નિલમ ચેતન લોડાયા - પુસદ
અ.સૌ. ડિમ્પલ નિલેશ લોડાયા - નાગપુર
દીકરી-જમાઇ : અ.સૌ. મિનલ ચંદ્રેશ ધરમશી - ઇંદોર
પૌત્રી-જમાઇ : ચિ. મહીમા મહેન્દ્ર લોડાયા તથા ચિ. ભાવીન નરેશભાઇ નાગડા - બેલગાંમ
પૌત્રૌ : સચિન, રોહન, વૈભવ, નિહાર, શુભમ, આદીત્ય
દોહીત્રી - દોહીત્ર : પ્રિયંકા, કુણાલ

સૌજન્ય : **મે. મહેન્દ્ર ટ્રેડીંગ કાું.** હાર્ડવેઅર ઍન્ડ મશીનરી મર્ચન્ટસ
કારંજા (લાડ) ફોન ૦૭૨૫૬-૨૨૦૬૧.

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

**શ્રી કાંજૂરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ સ્વામીવાત્સલ્ય**

શ્રી કાંજૂરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ દ્વારા તા. ૨૨-૦૯-૨૦૧૩ના સ્વામિવાત્સલ્યનું આયોજન કરાવામા આવ્યું. લાભાર્થી પરિવારો માતુશ્રી નિર્મલા શીવજી મોમાયા (વરાડીયા), માતુશ્રી મિઠીબાઇ સોમચંદ દંડ (વરાડીયા), માતુશ્રી ખમાવંતી વાલજી ખોના (સાંયરા), માતુશ્રી હંસાબેન લાલજી લોડાયા (વારાપધર), માતુશ્રી હેમલતા સોમચંદ લોડાયા (જખૌ) હતા. તેમના તરફથી થી ૧૦ રૂા.નું સંઘ પૂજન કરવામાં આવેલ. તે પ્રસંગે પૂ. મુનિશ્રી પુણ્યોદય સાગરજી મ.સા. એ વ્યાખ્યાન સાથે માંગલિક સંભળાવેલ, ભાવનામાં શ્રી વરાડીયા જૈન મિત્ર મંડળ (મુંબઇ) ના સભ્યોએ રમઝટ બોલાવે.

**સાંધવના શાંતિનાથ દાદાના દર્શને સંઘો**

સાંઘવ ગામે શાંતિનાથ દાદાના દર્શન કરવા તેમજ પ. પૂ. મ.સાને વંદન કરવા સંઘોસ્વામી રહ્યા છે. નલીયા, બારા, કાંડાગરા, તેમજ મુંબઇ થી પણ સારી સંખ્યામાં વંદન કરવા આવી રહ્યા છે.

પર્યુષણ કરી મુંબઇ આવતા તા. ૧૨-૯-૨૦૧૩ ના વાપી સ્ટેશન ઉપર તપસ્યા કરનાર તપસ્વીઓ માટે નૌકારશી નો લાભ - મુકેશ ખીમજી દંડવાપી વાળાએ લીધેલ.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના સમુહ લગ્ન**

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ ના સમુહ લગ્ન મહોત્સવ તા. ૭/૧૨થી ૮/૧૨/૨૦૧૩ ભુજમધ્યે રાખવામાં આવેલ છે. ઇચ્છુકોને નામ નોંધવવા સંપર્ક - કિરણ દંડ - ૦૯૮૩૩૮૦૮૨૨૪-મુંબઇ, પ્રબોધ મુનવર - ૦૯૯૨૫૧૬૯૮૭૯-કચ્છ

**કાંજૂરમાર્ગ સંઘની ચૈત્ય પરિપાટી**

કાંજુરમાર્ગ સંઘ દ્વારા ૨૯-૦૯-૨૦૧૩ ના બે બસ દ્વારા યોજાયેલ ચૈત્ય પરિપાટીમાં ૯૫ સભ્યો જોડાયા. સવારના શ્રી નવી મુંબઇ અચલગચ્છ જૈન સંઘમાં નવકારશી


★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE ★ સેલ ★ SALE

## મહાવીર (માટુંગા સે.રે.)

મહાવીર બિલ્ડીંગ કમ્પાઉંડ, ભંડારકર રોડ, માંટુંગા (સે.રે)

## દશેરા – દિવાળી સેલ ધમાકા

શનિવાર તા. ૫-૧૦-૨૦૧૩ થી રવીવાર તા. ૩-૧૧-૧૩

મહાવીર'સ એમ્બ્રોડરી 24025070 / Mob. : 8652239537

સેલ ૨૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ

- પારસી હેન્ડવર્ક, મશીનવર્કમાં સાડી અને કુર્તી
- ટેસ્ટેડ જરીની સાડી, ચણિયા ચોળી
- બટ કસબની સાડી તથા બોર્ડર
- ઘરચોળા, બાંધણી માટે કટવર્ક, કસબ, ગોટા તથા ફેન્સીબોર્ડર
- ઢાકાઈ, પારસી, ફ્રેન્ચ નોટ, કાશ્મીરી, લખનવી, કચ્છી ભરત, દેશી ભરત, શેડો વર્ક, તાર વર્ક,
- પીટ્ટા વર્ક જેવી અનેક વેરાયટી તૈયાર તેમજ ઓર્ડરથી બનાવી આપીશું.
- તમારી બાંધણી ઉપર હૈદ્રાબાદી મીરર વર્ક, બાદલા વર્ક, નાકા ટીકી, તાર વર્ક, પીટ્ટા વર્ક કરી આપીશું.
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન કરી મજુરી ઉપર ૨૦ડ ડીસ્કાઉન્ટ.
- પ્લેઈન તથા ડાયેબલ સાડીમાં અનેક વેરાયટી

સેમ્પલની સાડીઓમાં ૪૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ

જુની સાચી જરીની સાડી, ચણિયાચોળી, ઘરચોળા, બોર્ડર-સેલા સારા ભાવે વેચાતા લઈશું.

દિવાળી સુધી બધા દિવસો દુકાન ખુલ્લી રહેશે.

માતુશ્રી જયાબાઇ પ્રેમચંદ દેવજી મોમાયા, બસના સહયોગી ભદ્રકાંત મેઘજી લોડાયા તથા શ્રી પીર પરિવાર વરાડીયાનું સન્માન કરવામાં આવ્યું. ચાતુર્માસ અર્થે બીરાજમાન આચાર્ય ભગવંત આદિઠાણાની શ્રવણ વાણીનો લાભ મળ્યો.

ત્યાંથી લોનાવલામાં સહસ્ત્ર ફણા, પાર્શ્વનાથ તિર્થ, ચન્દ્રાપ્રભ જૈન દેરાસર, મુનીસુવ્રત જિનાયલ, મુની સુવ્રત તિર્થ, શત્રુંજય તિર્થ, આદિનાથ તિર્થ આદિનાથ શત્રુંજય તિર્થ દેવદર્શન કરતાં સંચેતીમાં સાધર્મિક ભક્તિના લાભાર્થી મિનાબેન મહેન્દ્ર વિકમશી, માતુશ્રી ચેતનાબેન ચન્દ્રકાંત રાયચંદ લોડાયા.

ત્યાંથી પાવના ડેમનાં સહેલ. ચા-કોફીના લાભાર્થી માતુશ્રી હિનાબેન ચિમનલાલ લાલજી સોની. ચૌવિહાર નાં લાભ શા. નંદુ ભવાનજી ગોસર તથા કાન્તીલાલ ઝવેરચંદ દૌલત તરફથી દામજી આણંદજી લોડાયા તથા કેતન લક્ષ્મીચંદ મૈશેરી તરફથી ડ્રાયફ્રુટની પ્રભાવના. ખંડાલા દેરાસરમાં આરતીનો લાભ લેતા મુંબઇ તરફ પ્રયાણ કરવામાં આવ્યું.

કાર્યકર્તા ગૌરવ મહેન્દ્ર વિકમશી, વિપુલ વાલજી ખોના, હિતેન ચંદ્રકાંત લોડાયા, ઉર્વેશ ભરત છેડા, પિયુષ લિલાધર ડાઘા એ જહેમત ઊપાડી.સંચાલન પ્રતાપ પીર.

**દિગ્રસ પર્યુષણ ઉજવણી**

દિગ્રસના શ્રી અચલગચ્છ જૈન દેરાસર માંપ. પૂ. સાધ્વી શ્રી તીર્થ પ્રભાશ્રીજી મા. અને પ. પૂ. સાધ્વી શ્રી ભાવલીના શ્રીજી મા. સાહેબ આદિ ઠાણા ૨ બિરાજમાન છે

પોથી ૧૫૫૧ મણ માં શ્રી સંજય કુમાર કોઠારી અને પારણું ૨૧૨૧ મણમાં શ્રી મતી ધનબાઈ અમૃતલાલ કરાણી એ પધરાવેલ. સપનોનું કુલ ઘી ૬૫૦૦ મણ

તપસ્વીઓ : શ્રીમતી પુષ્પાબાઈ જયરામ ગાવડે ના ૧૬ ઉપવાસ, અઠ્ઠાઇના તપસ્વીઓ : દર્પન કુમાર કિશોર ચંદજી કાકરીયા, દર્શીત કુમાર હિતેશ ગોશર, કિરણ લક્ષ્મીચંદ કારાણી, ભુપેન લક્ષ્મીચંદ કારાણી, હિતેશ લક્ષ્મીચંદ કારાણી, સૌ. જિનલ હિતેશ કારાણી, સૌ. હિરલ મહેલુલ ગડા, કુ. ગોપીકા લહેરચંદ કારાણી, ભૂષણ રાજેંદ્રજી સીગવી

**શ્રી શ્વેતામ્બર જૈન સંઘ ખિરકીયા**

ખીરકીયામાં અનંત ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા - આઠની નિશ્રામાં પર્યુષણ પર્વ ખૂબ હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયા રોજ સવારસ્નાત્ર પૂજા, ભક્તામર પઠન, તેમજ રાત્રે પ્રભુભક્તિ સંગીત મંડળી સાથે. પર્વ દરમ્યાન વિવિધ ઉછામણીનો લાભ સંઘના દરેક પરિવારે ખૂબ જ હોંસથી લીધેલ.

સ્વપ્નાનું કુલ ધૃત ૭૯૯૦૯ મણ થયું. કલ્પસૂત્ર પધરાવાનો લાભ જોગીલાલજી રાંકા પરિવારે લીધો. મોક્ષનો બારી ખોલવાનો તથા પ્રભુજીનું પારણું ઘેર પધરાવાનો લાભ


**મહાવીર સારીઝ - માટુંગા**

સેલ સેલ

દીવાળી સ્પેશીયલ

એક્સ્લુસીવ સાડીઓ અને ટ્રેડીશનલ ડ્રેસ પર

૧૫ થી ૨૦ ટકા ડિસ્કાઉન્ડ

- હેવી બનારસી બનારસી વુવન ક્રેપ તથા વુવન કોટન સારીઝ
- કોટા એમ્બ્રોડરી, કોટા વુવન તેમજ પ્રીન્ટેડ કોટા સારીઝ
- મહેશ્વરી કોટન વુવન તથા પ્રીન્ટેડ સારીઝ
- લખનૌ વર્ક કોટન તેમજ સીફોન જ્યોર્જટ
- અવરગંડી તેમજ વોયલમાં એમ્બ્રોડરી તથા પ્રીન્ટેડ સારીઝ
- ટ બાય ટુ ફુલ વોયલ તથા સ્વીઝ વોયલમાં એમ્બ્રોડરી તથા પ્રીન્ટેડ
- ગઢવાલ કોટન પ્રીન્ટેડ તથા બગરુ પ્રીન્ટેડ સારીઝ
- મલમલ પ્રીન્ટેડ તથા કોટન પ્રીન્ટેડ ડેઇલી વેર સારીઝ
- વાઇટમાં વાઇટ તેમજ વાઇટમાં કલર એમ્બ્રોડરી

**મહાવીર સારીઝ - માટુંગા**

મહાવીર બિલ્ડીંગ કમ્પાઉન્ડ, ભંડારકર રોડ

માટુંગા સે.રે. મુંબઇ - ૪૦૦ ૦૧૯.

ફોન ૨૪૦૨૧૮૧૮ / ૨૪૦૨૫૦૭૦

**દિવાળી સુધી બધા દિવસોએ દુકાન ચાલુ રહેશે.**



**મહાવીર બાંધેજ**

૯૧, મહાવીર બિલ્ડીંગ કંપાઉંડ, ભંડારકર રોડ,

માટુંગા (સે.રે) મુંબઈ - ૧૯. ટેલીફોન : ૨૪૦૧૦૫૯૭

**બાંધણી સાડીઓનું ભવ્ય સેલ**

૨૦% થી ૩૦% ડિસ્કાઉન્ટ

તારીખ : ૫.૧૦.૧૩ થી ૩.૧૧.૧૩ સુધી

શુભ પ્રસંગને દિપાવે તેવી

રંગબેરંગી બાંધણી

ફેન્સી ઉપાડા બનારસી ક્રેપ બાંધણી

ફેન્સી જંગલો તેમજ પાટલી પાલવ

ઈટાલીયન ક્રેપ - જોર્જટ - સામો - ગજી બાંધણી

વ્હાઈટ ગજી સીલ્ક બાંધણી પાનેતર

રીઅલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા

ફેન્સી લહેરીયા તેમજ દુપટ્ટા

દિવાળીસુધી બધા દિવસો દુકાન ખુલ્લી રહીશે

માતુશ્રી લક્ષ્મીબાઇ ભવાનજી નાગડા પરિવારે ૫૧૫૧ મણમાં લીધેલ.

પર્વ દરમ્યાન ૨૪ જિન જુહારીયે નો લાભ શ્રી જયંતભાઇ ચંદુલાલ નાગડા પરિવારે લીધો. રાત્રે ભક્તિ ભાવનામાં દરરોજ નવા કાર્યક્રમનું આયોજન થયેલ.તેમાં બાળકોની ધાર્મિક ફેન્શી ડ્રેસ પ્રતિયોગીતામાં પ્રથમ દિવ્યાંશ નાગડા તથા કાવ્ય નાગડાને પ્રશ્નઉત્તરમાં ઇનામ મળેલ.

મ.સા. ની સરળશૈલીથી વ્યાખ્યાન તેમજ કલ્પસૂત્રના શ્રવણમાં બને ટાઇમ ભાવિકો ઓતપ્રોત થઇ ગયા. તથા વ્યાખ્યાનમાંથી પ્રશ્નોત્તરી પેપર રાખવામાં આવેલ તેમાં પ્રથમ શ્રીમતી ઉર્મિલા હેમચંદ નાગડા તથા બીજા ક્રમાંકે શ્રીમતી પ્રતિભા રૂપચંદ નાગડા રહ્યા.

દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ શ્રી માંગીલાલજી ભંડારી પરિવારે લીધો. છઠ્ઠના દિવસે મ.સા. સાથે ચારવા જિનાલયે ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ. રસ્તામાં નવકારશી કરાવવાનો લાભ વેરશી વેલજી તથા માતૃશ્રી લક્ષ્મીબાઇ નાગડા પરિવારે લીધો.

દરરોજ આયંબીલ તથા અઠ્ઠમ તપની ચેન ચાલુ છે. શ્રીમતી પૂષ્પાબેન કોચરના માસક્ષમણના પારણાના દિવસે શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ. ચાર્તુમાસ દરમ્યાન દરેક અનુષ્ઠાનમાં નાગડા પરિવારના ભાઇબહેનોએ જિનાલયને શણગારવામાં તથા પ્રભુજીની અંગરચના કરવામાં ખૂબ જ સહયોગ આપ્યો. હરરોજ નીતનવલી ભવ્ય અંગ રચના કરી

તપસ્યા : કુમારી ઝરણા ચેતનભાઇ નાગડા - માસક્ષમણ, શ્રીમતી ડીંપલબેન વિક્રમ નાગડા - સોળભત્તો, શ્રીમતી પ્રતિભાબેન રૂપચંદ નાગડા - નવ ઉપવાસ, શ્રી હેમચંદ ભવાનજી નાગડા - અઠ્ઠાઇ. શ્રી સૌરભ ચંદ્રકાન્ત નાગડા - અઠ્ઠાઇ શ્રીમતી ઉર્મિલા હેમચંદ નાગડા - અઠ્ઠાઇ

**બાયઠ મુકામે પર્વાધિરાજ પર્યુષણ પર્વ**

બાયઠ ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ દ્વારા પર્યુષણ પર્વ પ. પૂ. સાધવીશ્રી ત્યાગ શીલાશ્રીજી મ.સા. ની નિશ્રામાં ઉજવાયેલ. રોજ સવારના પ્રતિક્રકમણ, ભક્તામર સ્તોત્ર, વ્યાખ્યાન, સાંજના પ્રતિક્રમણ, રાત્રી ભાવના, ભા. સુદ ૧ના કલ્પસુત્ર વાંચન, ભા. સુદ ૫ ના બારસા સુત્રના વાંચન. ગંગાનગર, ગદગ, જલગામ, ખામગામ, વડોદરા, મુંબઇ, ભૂજ, ગાંધીધામ થી ક.દ.ઓ. / ક.વી.ઓ. ગામાઇ પધારેલ.

દેશ-દેશવરથી આવવા-જવા ત્થા મુસાફરી ખર્ચ દાતાશ્રીઓ તરફથી સાંપડેલ, દશ-દિવસ વિવિધ દાતાશ્રીઓએ સાધર્મિક ભક્તીનો લાભ લીધેલ.

પ. પૂ. સાધ્વીશ્રી ત્યાગ શીલાશ્રીજી મ.સા.ના સંસારી પક્ષે બહેન ભાવિકા બહેને હાઉજી ગેઇમ, ધાર્મીક પેપરો અને


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
ëરીયલ બટ ક્સબની સાડી બોર્ડર ëપીટ્ટા તાર ભરતની સાડી
ëકસબ અને જીક કસબની સાડી ëપારસી વર્ક
ëબ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
ëપાનેતર ë બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની
ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ



Exhibition & Sale
Rumani Creations
Endless Creation in Handembroidery.

| એથનીક હેન્ડવર્ક | કન્ટેમ્પરરી સ્ટાઇલ |
| --- | --- |
| • પારસી | • કુર્તીસ |
| • બટકસબ | • સાડીઓ |
| • ઝરદોશી | • બોર્ડર |
| • ફ્રેન્ચનોટ/ફેક | • અનારકલીસ |
| • ખીચા | • ચનીયા ચોલીસ |
| • કટવર્ક | • પર્સીસ |
| • ટીકી-દોરી | • મોબાઇલ કવર્સ |

સ્પેશ્યાલીટી : જુની સાચી જરીની સાડીઓ, ઘાઘરા, બ્લાઉસ તથા બૉર્ડર ને અદ્યતન રૂપ આપવા.
Date 15th & 16th October, 2013
Time : 11.00 a.m. to 7.00 p.m.
Venue : The Mysore Association Bombay, 393, Bhaudaji Road, Opp. Naranji Shamji Hall, Next to Madras Café Hotel, Matunga (C.R.), Mumbai.
નિરાલી શાહ (ગડા) રાયણ Mob. : +91 98 191 31691

નાટિકા દ્વારા પર્વને શાનદાર બનાવેલ.

૫. પૂ. સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા. ના સંયમ જીવનના અનુમોદનાર્થે તા. ૧-૯ થી તા. ૩-૯-૨૦૧૩ ના ત્રિહાનીકા મહોત્સવ ઉજવાયેલ. જેમાં પ્રથમ દિવસે અઢાર અભિષેક, બીજી દિવસે શ્રી સિદ્ધચક્ર મહાપુજન શ્રી કેવલ શાહ (વિધીકાર) તેમજ શ્રી કીશોર સાંગારની ટીમે ભણાવેલ. ત્રીજા દિવસે ભૂજથી કિશોર જીવરાજ સાંયાએ , શ્રી કિશોર સાંગાર સંગીતકાર સાથે મળી બહુજ સવિસ્તર સમજણ સાથે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ચાર ગતિ નિવારક અનુષ્ઠાન ભણાવેલ. જિનાલયના પ્રાંગણમાં મહાલક્ષ્મી માતાજીની મંગલમૂર્તીની શાસ્ત્રોક્તરીતે સ્થાપના કરવામાં આવેલ. એની ઉછામણીનો લાભ ૫. પૂ. સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા. ના સંસારી પક્ષે મોટા ભાભી માતુશ્રી ધનબાઇ ખીમજી ગોસર પરિવાર હ. પ્રદીપભાઇ એ લીધેલ.

તા. ૩૧-૮ ના મહાજન શ્રીના ઉપપ્રમુખ શ્રી નવીન નારાણજી ધુલ્લા ના પ્રમુખ સ્થાને સામાન્ય સભા યોજાયેલ. સભામાં બાયઠ મુકામે કાયમી ભોજનાલય ચાલુ છે. તેમાં કાયમી ત્થા પંચસાર્ષિક મીતીઓ લેવાનું નક્કી કરવામાં, આવતા રૂા. ૧૧,૧૧૧/- કાયમી મીતીઓના ત્રણ નામો તેમજ પંચવાર્ષિક મીતીઓમાં પંચાવન નામો નોંધાયા હતાં.

કલ્પ સુત્ર પધરવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઇ તેજશી છેડા હ. રમેશભાઇ પરિવારે લીધેલ. પારણું પધરાવવાનો લાભ શ્રી હિતેશ કલ્યાણજી ગોસર પરિવારે લીધેલ. કલ્પ સુત્રનો ત્થા પારણાના જ્ઞાતિઓના બંને વર ઘોડામાં ગામના ઇતર જ્ઞાતિઓના જોડાયા હતા.

સ્વપન ધૃત ૧,૧૬,૦૦૦મણ ત્થા પર્વ દરમ્યાન અન્ય ઉચ્છામણી ઓનું ધૃત ૩૦,૩૦૦ મણ મળી કુલ ૧,૪૬,૦૦૦ મણની ઉછામણી ઓ થયેલ.

મહાલક્ષ્મી માતાજીને ઝુલાવાનું ધૃત ૨૦૦૨૧ મણ શ્રી રાજેન્દ્ર વેલજી પોલડીયા પરિવાર ત્થા પદરાવવાનું ધૃત ૨૬૬૨૬ મણ માતુશ્રી નિર્મળાબેન રતીલાલ નાગડા. પરિવારે લાભ લીધેલ.

પાંચમના કુમારપાળ રાજાની આરતીનું આયોજન થયેલ. ભા. સુ. છઠ્ઠ ના મહાવીર પ્રભુજીના દ્વાર ઉદઘાટનનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઇ કેશવજી સાવલા બાડાવાલા પરિવારે તથા આદેસર દાદાજીના દ્વાર ઉદ્ઘાટનનો લાભ શ્રી હેમંત ગાંગજી ગાલા પરિવારે લીધેલ.

સંવત્સરીક ક્ષમાપના ભા. સુદ છઠ્ઠના જ્ઞાતિ શીરોમણી (પ્રાત સ્મરણીય) શેઠશ્રી નરશી નાથાની છબીને માળા પહેરાવવાનો લાભ માતુશ્રી ચાંપબાઇ માણેકજી બોરીચા પરિવાર હ. હંશરાજભાઇએ લીધેલ. ગામના પટેલ શ્રી મેઘજી રામજી પોલડીયાએ સૌ. યાત્રિકોનું સ્વાગત કરેલ.

કલ્પસુત્ર, ત્થા પારણાનું જાગરણ થયેલ. સાતમના ચૈત્ય પરિપાટી નો લાભ શ્રી નારાણજી માયાં ધુલ્લા પરિવારે લીધેલ. ચૈત્ય પરિપાટીમાં લગભગ ૮૦ જણ જોડાયેલ. બાયઠ થી બાડા, ગોધરા, ડોણ, શેરડી, બૌતેર જિનાલય થઇ સૌ ભૂજ પહોંચ્યા હતા.

## શ્રી બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ

### ભોજનાલયમાં મિતિ નોંધાવવા અનુરોધ

બાયઠ મુકામે મહાજન ટ્રસ્ટ તરફથી કાયમી ભોજનાલયની વ્યવસ્થા છે. ગામના જિનાલયના દર્શને આવતા યાત્રાળુ-સંઘો ઉપરાંત ત્યાંથી પસાર થનારા તેનો લાભ લે છે. સાધુ - સાધ્વી ભગવંતો પણ તેનો સારી રીતે લાભ લે છે. તેના સંચાલન માટે મહાજને દરવર્ષે રૂા. ૧ લાખથી વધુની વ્યવસ્થા કરવાની રહે છે. બાયઠ ગામ પર જેમની કૃપા છે એવા ૫. પૂ. સાધ્વીશ્રી જયધર્માશ્રીએ શેરડી ચાતુર્માસ દરમિયાન પ્રેરણા આપી ૨૫ મિતિઓ ભરાવી છે. શ્રી સંઘ મહાજન ટ્રસ્ટ તેમના આ સહયોગ માટે સદૈવ આભારી રહેશે.

પર્યુષણ દરમિયાન ગામવાસીઓયે પણ સારા પ્રમાણમાં મિતિ ભરાવી છે. આ બાબત ઘણા વધુ સહકારની અપેક્ષા છે. ગામવાસીઓ ઉપરાંત સૌભાગ્યશાળીઓને સહકાર આપવા ભાવભર્યો અનુરોધ.

### પર્યુષણ પર્વ નિમિત્ત સહકાર બદલ આભાર

● સર્વ દાતા પરિવારોનો ● ઉછામણીમાં ભાગ લેનારાઓનો ● સાધર્મિક ભક્તિના દાતાઓનો

● ચૈત્ય પરિપાટીના દાતાઓનો ● ભોજનશાળા માટે કાયમી તથા પંચવાર્ષિક મીતિ લખાવનારાઓનો

● સ્થાનિકે પર્યુષણ કરવા આવનારાઓનો ● આવવા- જવાની વ્યવસ્થા કરવામાં આર્થિક સહયોગ આપનારનો

બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટવતી

શ્રી ઠાકરસી મેઘજી ગોસર, પ્રમુખ

**ી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહજન નાગપૂર**

શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન નાગપુર પર્યુષણ પર્વ ક્ષમાપના મિલન સામુહીક તા ૨૭-૭-૨૦૧૩ રવિવારે સંભવનાથ દેરાસર આરાધના ભવન વર્ધમાન નગર નાગપુરે ઉજવણી થયાં.

શ્રી મહાજનશ્રીની અધ્યાક્ષતામા (પ્રમુખ સતેંદ્ર લોડાયા), મહિલામંચ તથા મહિલા મંડળના સહયોગથી ઉત્સાહથી કરેલ.

સર્વ પ્રથમ નાના બાળકો સાથે નવકાર પઠન. શ્રી મહાકાલી માં ની સામુહીક આરતીનો લાભ શ્રીમતી કસતુરીબાઇ તિલોકચંદ ખોના પરિવારે (હસ્તે સતેંદ્ર ખોના કટોલ) એ લીધેલ.

અઠ્ઠાઇ તપસ્વીઓ સૌ. હિરલ મનોજ લાલકા તથા બહુમાન શ્રી ચિ. હિરલ મનોજ લોડાયા નો મહાજન વતી શ્રીમતી તારાબાઇ તેમજ શ્રી મેઘજી ભાઇ ના હસ્તે કરેલ.

મહિલાઓ તરફથી ભારતીય અલગ અલગ પ્રાંતિય નારીની ઝલક માટે સૌ. બિજલબેન માલાણી (લોડાયા)એ સારી મેહનત કરી.

સૌ. મધુબેન મુનવર તથા સૌ. મીનાબેન મૈશેરીએ હાઉજી ગેમ રમાડેલ.

મહિલામંચ પ્રમુખ સૌ પ્રગતિબેન ખોના એ રમઝટ જલગામમાં થયેલ કર્યક્રમની ઝલક બતાવી.

**સમગ્ર મુંબઇ તથા થાણા જીલ્લાના સામાયિક મંડળોનું સમૂહ સામાયિક**

પ. પૂ. સાધ્વી વિપુલાગુણાશ્રીજી મ.સા. ની નિશ્રામાં રવિવાર તા. ૨૦/૧૦/૨૦૧૩ના સવારના ૭ થી ૮ વાસુપૂજ્ય જિનાયલ-ઝવેર રોડ, મુલુંડ ખાતે સમગ્ર મુંબઇ તથા થાણા જીલ્લાના બધા સામયિક મંડળોનું સમૂહ સામાયિક રાખવામાં આવ્યું છે. તેના લાભાર્થી શ્રીમતી તરલાબેન મણીકાંત ધુલ્લા ગામ - જખૌ

**શ્રી નવી મુંબઇ અચલગચ્છ જૈન સંઘ મધ્યે**
**પૂ. યુવાચાર્ય શ્રી કલાપ્રભસાગરસૂરિજી મ.સા.ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વ**

સૂરિપદ રજત વર્ષે, શ્રી નવી મુંબઇ અચલગચ્છ જૈન શાસનસમ્રાટ, અચલગચ્છધિપતિ પ. પ. આ.ભ.શ્રી ગુણસાગર મ.સા.ના પટ્ટલંકાર સૌમ્ય સ્વભાવી પ. પૂ. આ./ભ.શ્રી કલાપ્રભ મ.સા. આદિ ઠાણા ૬ ની પાવન નિશ્રામાં પર્યુષણ સંપન્ન થયા.


શુભેચ્છાસહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


પર્યુષણમાં મુનિ શ્રી મોક્ષેશચંદ્રસાગરજી મ. માસક્ષમણ -૬, સિધ્ધીતપ -૨, ૨૧ ઉપવાસ -૧, ૧૯-૧૭ ઉપવાસ-૨,૯-ઉપવાસ-૧૦, ૮ ઉપવાસ -૧૧૫ આદિ વિવિધ તપશ્ચર્યાના તોરણ.

સુદ ૨ ના પ્રભુશ્રી મહાવીરસ્વામિ જન્મોત્સવે ૧૪ સ્વપ્નોત્સવમાં ચાલિભંડાર નો ૯,૦૯,૯૯૯ ની સાધારણ ખાતામાં વૃદ્ધિ ચાતુર્માસ ના મુખ્ય શિરોમણી દાતા માતુશ્રી સાકરબેન દામજી કુંવરજી પરિવારે લાભ લીધો. સાધારણ સામગ્રી ના ચડાવા ૬,૫૧,૫૧૧ રૂા. પર્વાધિરાજની ઉજવણી થઇ. તપસ્વી બહુમાનની ઉછામણી ૨,૧૧,૧૧ મુનિશ્રી હીતવર્ધનસાગરજી મ.સા. નું ૨૨મું વર્ષીતપ , મુનિશ્રી હેમચંદ્ર તથા મુનિશ્રી વીરશેખરસાગરજી મ.સા. ના ચાતુર્માસ એકાંતરા ઉપવાસ તપારાધના. મુનિ શ્રી હેમચંન્દ્ર સાગરજી મ.સા. દ્વારા નિત્ય ૬ કલાકે પ્રવચન ચાલુછે. સમસ્ત ભારત વર્ષમાંથી અનેક સંઘો દર્શનાર્થે આવી રહ્યા છે.

**સૂરિગુણ સિંધુ સ્વર્ગારોહણ રજત વર્ષ**
**૨૫૦૦ અઠ્ઠમોથી થાય અપૂર્વ હર્ષ**

શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી મ.સા.નાં સ્વર્ગારોહણ રજત વર્ષ ચાલી રહ્યો છે. તે નિમિત્તે શુક્રવાર - શનિવાર ૪-૫-૬ ઓક્ટોબર ૨૦૧૩ રહેશે. વધુમાં વધુ સંખ્યામાં અઠ્ઠમ કરવામાં આવ્યા.

**શ્રી કે.ડી. ઓ. જૈન**
**મુંબઇ મિડટાઉન સંઘ મુંબઇ**

શુક્રવાર તા. ૨૨-૧૧-૨૦૩૧ એક દિવસની યુસુફ મેહેરઅલી સેન્ટર, પનવેલની મુલાકાત - વડાલા થી સવારના બસમાં નીકળી માટુંગા શિવ, ચેમ્બુર અને વાશી થઇ. ૨ બાય ૨ ની બસમાં પનવેલ જશું. રસ્તામાં નાસ્તો / ચા, પનવેલમાં બપોરનું જમણ, ૪ વાગે નાસ્તો / ચા અને સાંજનું જમણ - સેન્ટરના મેડીકલ, શૈક્ષણિક, ફાર્મ, નાના ઉદ્યોગો, સુથારકામ, બેકરી, પોટરી, સાબુ કારખાનાની મુલાકાત, ચાર્જીસ : સભ્યો માટે રૂા. ૫૦૦/-, અન્યો માટે રૂા. ૬૦૦/-, પૂર્ણ રકમ સાથે નામ નોંધવવા, વહેલો તે પહેલોના ધોરણે વિનંતી

અશોક ઝવેરી - ૯૮૨૧૧ ૪૪૩૨૪
વનીતા નાગડા - ૯૮૨૦૮૧૦૪૯૯

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| જયંતીલાલ મણીલાલ મોતા (જૈન) | ૧૩, રમેશ નિવાસ, ૧લે માળે, અપૂર્વ હોસ્પીટલ સામે, કોપર રોડ, ડોંબિવલી (વે) |
| અરૂણ હીરજી લોડાયા | હાઉસ નં. ૩૭૯, સર્વે નંબર ૭૭/૧, ભક્તી ધામ સોસાયટી, આદીપુર - કચ્છ |
| જયચંદ ભવાનજી મુનવર | પરમ ટાવર, બિલ્ડીંગ નં. બી/૨૦૮, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, તીનહાથ નાકા, ઠાણા (વે) ૪૦૦૬૦૪ |
| ભરત એન શાહ | બી-૧૪૫૩, ગ્રાઉન ફ્લોર, શાસ્ત્રીનગર, નવી દિલ્લી - ૧૧૦૦૫૨ |
| મહેશ પી. ધરમશી | પૅલેસ શિવસાગર, બિલ્ડીંગ નં ૬૮, ફ્લેટનં. બી - ૬૦૪, તિલક નગર, ચેંબુર મું-૮૯ |
| રાજેન્દ્ર ભવાનજી ગડા | સી-૫, યશવંત કો.ઑ.હૌ.સો.લિ. કિશન નગર - નં. ૨, પચપરમેશ્વર મંદિર પાસે, વાઘલે એસ્ટેટ, થાણે (વે), ૪૦૦૬૦૪ |
| યતીન પ્રતાપ ખોના | પાર્શ્વ રેસીડન્સ, આગાખાન સ્કૂલ પાસે, મુંદ્રા (કચ્છ), ૪૭૦ ૩૨૧ |
| પ્રતાપ જીવરાજ ખોના | મુંબઈ ગલ્લી, અમલનેર (જી. જલગામ મહારાષ્ટ્ર) |
| વિપુલ એસ મોમાયા | ૫૦૫, ડી.૨. શીતલ એપાર્ટમેન્ટ, સર્વોદય પાર્શ્વનાથનગર, નાહૂર રોડ, મુલુંડ (વે) ૪૦૦૦૮૦ |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | | |
|---|---|---|---|
| જયચંદ ભવાનજી મુનવર | ૦૯૮૧૯૪૪૫૧૮૨ | અવંતિકા મુનવર | ૦૯૮૩૩૯૨૫૪૪૦ |
| રાજેન્દ્ર ભવાનજી ગડા | ૦૯૩૨૨૩૩૫૯૭૫ | મહેશ પી ધરમશી | ૦૯૩૨૦૮૯૨૮૦૪ |
| યતીન પ્રતાપ ખોના | ૦૯૮૯૦૮૭૭૫૬૫ | પ્રતાપ જીવરાજ ખોના | ૦૭૮૭૫૨૦૭૯૪૫ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧.૮.૧૩ | ઘાટકોપર | શૌર્ય- ભુમી/અમિત અનિલ શિયાડ | જખૌ | પુત્ર |
| ૦૪.૧૦.૧૩ | અમદાવાદ | પાર્શ્વ-બોસ્કી/વિશાલ શાહ (મોતા) | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૦.૧૩ | ડોંબિવલી | કર્ણીક જીતેંદ્ર ચીમનલાલ ધરમશી | મંજલ રેલડીયા | ૨૬ |
| | મુલુંડ | રૂપલ રમેશ હિરજી મોતા | જસાપર | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| - | અંધેરી | જય આશિત શર્મા | ભાવનગર | ૨૩ |
| | વસઈ | શ્વેતા રાજેંદ્ર કાંતિલાલ ગોસર | બારોઈ | ૨૩ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૧૦.૧૩ | ગદગ | અલકા સોમચંદ લાલજી લાલકા | વરાપધ્ધર | ૪૭ |
| ૦૩.૧૦.૧૩ | મસ્જીદ બંદર | મણીબાઈ જીવરાજ ખીંયસી દંડ | સાંધવ | ૮૫ |
| ૦૫.૧૦.૧૩ | ખીરકીયા | મીઠીબાઈ (નેણબાઈ) મુલજી લિલાધર નાગડા | લાલા | ૮૬ |
| ૦૭.૧૦.૧૩ | કોઠારા | પ્રેમાબાઈ સોજપાર લખમશી ધરમશી | કોઠારા | ૮૨ |
| ૦૮.૧૦.૧૩ | મોટી ખાવડી | ત્રિભુવન જેતશી ખોના | લંદન | ૭૯ |

## પાસ થયા - હાર્દિક અભિનંદન



**શિતલ અલકેશ શાહ**
આકોટ
B.com 80.00%



**પિંકી હરીશ મોતા**
ડોંબિવલી
M.C.A. 89.33%
6th Sem.
2nd in College



**ચાંદની ધનેશ છેડા**
ઇંદૌર
B.com 70.40%
4th Semister
College Topper Gold Medal



**સુરભી ધનેશ છેડા**
ઇંદૌર
B.E. Computer
College Topper
Job in Microsoft

## માસ ક્ષમણ તપસ્યા



**સૌ. દિવ્યા દીપ નાગડા**
**શિરપુર**
**(ધુલીયા)**

# વસમી લાગે કર્મવડીલ ની વિદાય



## ચંપક રાયચંદ જીવાણી

**અરિહંત શરણ સોમવાર તા. ૩૦-૯-૨૦૧૩**

કર્મવડીલ શ્રી. ચંપકભાઈ, અણધારી ચીર વિદાય લઈ,
જીવનની ક્ષણભંગુરતાનો અહેસાસ કરાવી ગયા...
સેવાર્થ જેમણે જીવન અંજલિ કર્યું હોય એવા સ્વજનનો સથવારો અચાનક છૂટે,
એનો આઘાત જીરવવો આપણા સૌ માટે આકરો રહેશે....

સમાજ ક્ષેત્રે, ધર્મક્ષેત્રે, કર્મક્ષેત્રે એમણે રચેલા કીર્તિસ્થંભ, હંમેશા આપણને પ્રેરતા રહેશે....

ચંપકભાઈનો જીવદયા પ્રેમ એક આગવું દષ્ટાંત હતો...
અબડાસા (કચ્છ) ગૌશાળા ટ્રસ્ટની પ્રવૃત્તિથી હંમેશા વાકેફ રહી,
તેઓ અમને એ પ્રવૃતિ વિસ્તારવા - સમૃધ્ધ કરવાની પ્રેરણા આપતા રહેતા...
શાસન દેવ એ ધર્માત્માને પરમશાંતી આર્પે એજ પ્રાર્થના !

- ક્લપેશ મોતા


ધર્મ આરાધનાથી સૌમાં જીવદયા ભાવ સુદઢ થાય એવી શુભકામના....



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14 ι day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ❊ આદરાંજલિ ❊



## ચંપક રાયચંદ જીવાણી

અરિહંત શરણ સોમવાર તા. ૩૦-૯-૨૦૧૩

સ્નેહી સ્વજન તમે સૌના,
સૌની રાખો ભાળ ...
એક - બીજાની ખબર આપો,
જ્ઞાતિ હિતની રાખો સંભાળ....
અણધારી ચિરવિદાય લીધી,
સદગતિ પામજો તમે પ્રભુના બાળ...

વિશાળ હૃદયી ચંપકભાઈ એ સમસ્ત જ્ઞાતિને એક સૂત્રે બાંધી રાખવામાં
પ્રકાશ સમીક્ષાના સહતંત્રી રૂપે વિશિષ્ટ ભૂમિકા ભજવી.
મહારાષ્ટ્ર એકમ સાથે તો એમને પૂરો ઘરોબો.
અમારા ઘણા કાર્યક્રમોમાં તેઓ જાતે ઉપસ્થિત રહ્યા હતા.
હવે એવા પ્રસંગોએ તેમની ગેરહાજરી સાલશે.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**